મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૧૯ ટકા
ગાંધીનગર તાપમાન

ચાણક્ય નાટક નિહાળી ગાંધીનગરાઓ મંત્રમુગ્ધ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને શ્રીમતી અંજલિબેન રૂપાણીએ નાગરિકો સાથે બેસીને આ મહાનાટક નિહાળ્યું






ગાંધીનગર, તા.૬

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવના બીજા દિવસે મહાન ઐતિહાસિક નાટક 'ચાણક્ય' નિહાળ્યા પછી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું, 'રાજનીતિ' કરતાં 'રાષ્ટ્રનીતિ' સર્વોપરી છે. 'ચાણક્ય' ના માધ્યમથી આ વાત સુદઢ થઈ છે. 'ચાણક્ય'ની શિર્ષક ભૂમિકા ભજવનાર સુપ્રસિદ્ધ અભિનેતા પદ્મશ્રી મનોજ જોશીનું સન્માન કરતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, 'ચાણક્ય' જેવા નાટકો ભારતની ભવ્ય ઐતિહાસિક ધરોહરને જનસામાન્ય સુધી પ્રભાવક પહોંચાડે છે. ગુજરાતમાં જિલ્લે જિલ્લે આવા નાટકો પ્રદર્શિત થાય એવી ઈચ્છા તેમણે વ્યક્ત કરી હતી.

ગાંધીનગર કલ્ચર ફોરમના રજતજયંતિ વર્ષની ઉજવણીનો આરંભ ગ્રીષ્મોત્સવથી થયો છે. ગ્રીષ્મોત્સવના બીજા દિવસે ઐતિહાસિક હિન્દી મહાનાટક 'ચાણક્ય' ભજવાયું હતું. ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટના હરિયાળા વિશાળ મેદાનમાં ૫૦૦૦ થી વધુ પ્રેક્ષકોએ પિનડ્રોપ સાઈલન્સ સાથે આ નાટક નિહાળ્યું હતું. નાટકમાં ઉચ્ચ સ્તરની હિન્દી ભાષાનો પ્રયોગ કરાયો છે. શ્રી મનોજ જોશી અને અન્ય કલાકારોના બેજોડ અભિનય અને અદભૂત દ્રશ્ય સંરચનાએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી મુકયા હતા. નાટક પૂરું થયું ત્યારે સમગ્ર પ્રેક્ષકો સ્તબ્ધ હતા. નિઃશબ્દ હતા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી એ પદ્મશ્રી મનોજ જોશીનું સન્માન કર્યું હતું.

ગાંધીનગરના સમદર્શન આશ્રમના પૂજ્ય ગુરુમા એ પણ 'ચાણક્ય' નિહાળીને તમામ કલાકારો પ્રતિ અહોભાવ વ્યક્ત કર્યો હતો. ગુરુમાએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, તમામ કલાકારોએ ચાણક્ય યુગને હૂબહૂ તાદ્રશ્ય કર્યો છે. વર્તમાનમાં રાષ્ટ્રહિત સર્વોપરીની વિભાવના આવશ્યક છે. આવા નાટકો માનવજીવનમાં મૂલ્યોનું ઉમેરણ કરે છે. તેમણે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા એ ૧૯ વર્ષથી સતત ભજવાઈ રહેલા 'ચાણક્ય' નાટક માટે પદ્મશ્રી મનોજભાઈ જોશીને અભિનંદન આપ્યા હતા. રવિવારે ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં આ નાટકનો ૧૧૭૮મો શૉ ભજવાયો હતો. નાગરિકોએ પણ આ નાટકને મનભરી માણ્યું હતું.

સે-૭ ની પરિણિતાએ પતિ, જેઠ-જેઠાણી સામે શારીરીક-માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવી

પતિ બેકાર હોવાથી ઘરનો તમામ ખર્ચ પરિણિતા ઉપાડતી હતી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૭ ખાતે રહેતા અને અમદાવાદમાં રેવન્યું તલાટી તરીકે ફરજ બજાવતી શહેરની મહિલાએ પતિ, જેઠ,-જેઠાણી, સામે માનસીક-શારીરીક ત્રાસ અને મારઝુડ કરે છે અને દહેજની માંગણી પણ ફરીયાદ સેકટર-૭ પોલીસે નોંધાઈ છે. પરિણિતાનો આક્ષેપ છે કે પતિ એસીબીમાં ફસાવી દેવાનું કહે છે. બનાવ અંગે સે-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ ખાતે સરકારી આવાસ શ્યામજી કૃષ્ણવર્મા પાર્ક ખાતે રહેતી ૩૦ વર્ષિય પરિણિતા તૃપ્તી પટેલ અમદાવાદ સાબરમતિ ખાતે મામલતદાર કચેરીમાં રેવન્યુ તરીકે તલાટી તરીકે ફરજ બજાવે છે. વર્ષ ૨૦૧૦માં તૃમીબેને ઘુમાના પંકજ પુરપોતમ પટેલ સાથે લવમેરેજ કર્યા હતા. લગ્ન બાદ સાસરીમાં રહેવા માટે ગયેલી તૃપ્તીને એક મહિનો સરખુ ચાલ્યું હતું. પરંતુ પછીથી પતિ પંકજ, જેઠ, કિરણભાઈ અને જેઠાણી સ્વાતીબેન ત્રણેય જણા પરિણિતા નોકરી કરતી હોવાથી ઘરનું કામકાજ કરતી નથી તેમ કહી ઝઘડા શરુ થયા હતા. લગ્નના એકાદ વર્ષ બાદ જેઠ-જેઠાણી અલગ રહેવા માટે જતા રહ્યા હતા. તેમ છતા પરિણિતાના પતિને ચઢામણી કરતા તે યુવતિ સાથે મારઝુડ કરતો હતો. લગ્ન પહેલા નોકરી કરતો હોવાનું કહેતો પતિ બેકાર હોવાનું જાણવા મળ્યું હતું.પતિ બેકાર હોવાથી ઘરનો તમામ ખર્ચ પરિણિતા ઉપાડતી હતી. જયારે પરિણિતાના આક્ષેપ મુજબ પંકજે તાજેતરમાં પથિકા સર્કલ પાસે ઉભી રાખીને કહ્યું હતું કે તુ કેમ અન્ય જોડે ફરે છે અને હવે પછી જો કોઈ જોડે વાતચીત કરીશ તો જાનથી મારી નાંખીશ. છતા પરિણિતા ઘરસંસાર બગડે નહી તે માટે જતુ કર્યું હતું. ત્યારબાદ તેનો પતિ દારૂની લતે ચઢી જતા અવાર-નવાર મારઝુડ કરી શારીરીક માનસિક ત્રાસ આપતો હતો. પરિણિતાના સ્ટાફના સભ્યો સાથે પણ પતિ ગેરવર્તણુક કરી ચુક્યો છે. પરિણિતા ત્રણ વખત રિસાઈને પિયર આવી ગઈ હતી. પરંતુ સમજાવટથી પરિણિતા સાસરીમાં ઘરે પરત ફરતી હતી. બનાવ અંગે પરિણિતાએ સે-૭ પોલીસ મથકે શારીરીક માનસીક ત્રાસની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગરમીની સિઝનમાં ફ્રૂટઝનું વેચાણ વધુ : ભાવ પણ તગડા

ગાંધીનગર, તા.૬

ગરમીની ઋતુમાં કહેવાય છે કે જમવા કરતા ફ્રુટસ અથવા જયુસ લેવાથી શરીરમાં તાજગી રહે છે. મુખ્યત્વે શહેરીજનો માર્કેટમાં ફ્રુટસ અને તેમાંય ખાસ કરીને નારિયેળ પાણીની વધુ ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. દરેક વસ્તુના ભાવ વધુ છે ત્યારે નારિયેળ પાણીમાં તો સીધો ભાવ ડબલ થયો છે. સાથે સાથે દરેક ફ્રુટસ ૪૦થી ૨૦૦ રૂ. કિલોના ભાવે માર્કેટમાં વેચાઈ રહ્યા છે.

શહેરીજનો જેમ સવારે મોર્નિંગ વોગ કરીને શરીરને સ્વસ્થ રાખવામાં માને છે તેમ દરરોજ આરોગાતા ભોજનનું પણ એટલું જ ધ્યાન રાખે છે. દરેક સિઝન મુજબ માર્કેટમાં ફ્રુટસ મળતા જ હોય છે. દરેક ફ્રુટનું પોતાનું મહત્વ અને ગુણધર્મ હોય છે. ઉનાળામાં ડોકટરો અને ફીટનેસ ટ્રેનર વધુમાં વધુ ફ્રુટ, ફ્રુટ જયુસ અને નારિયેળ પાણી જેવા લીકવીડને વધુ પ્રમાણમાં લેવાની સલાહ આપતા હોય છે. શહેરમાં પ્રમાણમાં ફ્રુટસ મળી તો રહ્યા છે પરંતુ ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. સફરજનમાં વોશિંગ્ટન અને ઈન્ડિયન સફરજનના ભાવમાં ૫૦ રૂપિયાનો ફેરફાર છે. રૂ. ૧૭૦ થી ૨૦૦ રૂપિયામાં કિલો વેચતા વોશિંગ્ટનની સામે ઈન્ડિયન સફરજન ૧૪૦ રૂપિયા કિલો વેચાય છે. ચીકુનો ભાવ ૬૦ રૂ. કિલો અને નારંગી જે ૩૦ થી ૪૦ રૂપિયા ડઝન મળતી હતી તે આજે ૧૦૦ રૂપિયે ડઝન વેચાઈ રહી છે. દ્રાક્ષ ૧૦૦ રૂપિયાથી ૧૨૦ રૂપિયા કિલો વેચાઈ રહી છે જે ૩૦ થી ૫૦ રૂપિયે કિલોમાં વેચાતી હતી. મોસંબીનો ભાવ ૧૦૦ થી ૧૨૦ રૂપિયા કિલો છે. કેળા ૪૦ થી ૫૦ રૂપિયે ડઝન વેચાઈ રહ્યા છે. અનાનસ ૬૦ થી ૭૦ રૂપિયે નંગ અને પપૈયુ ૪૦ રૂપિયે કિલોમાં મળી રહ્યું છે. દાડમ ૮૦ થી ૧૦૦ રૂ. કિલો, તડબુચ ૨૦ થી ૨૫ રૂપિયે કિલો અને ટેટી ૪૦ રૂપિયે કિલોમાં વેચાઈ રહી છે. ગ્રીન એપલ ૧૨૦ રૂપિયાના ૫૦૦ ગ્રામ અને કીવી એક નંગના ૨૫રૂ.ના ભાવે બજારમાં મળી રહી છે. સાથે સાથે નારિયેળ પાણી જે સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે તેના ભાવ ૨૦ રૂપિયા હતા તે ૪૦ થી ૫૦ રૂપિયા થઈ ગયા છે. સતત પડતી ગરમીમાં નારિયેળ પાણીની માંગ વધુ છે અને ભાવ વધુ હોવા છતાં પ્રમાણમાં વધુ વેચાઈ રહ્યા છે.

નારિયેળના ભાવમાં બમણો વધારો

નારિયેળ પાણીના ફાયદા

- નારિયેળ પાણી ગ્લુકોઝની ગરજ સારે છે.
- નારિયેળ પાણીમાં કુદરતી મીઠાશ હોય છે.
- સામાન્ય પાણીમાં હોવું જોઈએ તેનાથી વધુ મિનરલ્સ નારિયેળ પાણીમાં હોયે.
- કુદરતી રીતે નારિયેળ પાણી શુધ્ધ છે.
- નારિયેળ પાણી ડી હાઈડ્રેશનથી બચાવે છે.
- નારિયેળ પાણી આખા દિવસમાં બે પી શકાય અને અતિરેક પીવાથી વાયુ થઈ શકે છે.

પેન્શનરો-કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું વધારવા નાણામંત્રી સમક્ષ રજુઆત

ગાંધીનગર, તા.૬

એપ્રિલ-૨૦૧૯માં જીવન જરૂરીયાત ચીજોના ભાવમાં બેહદ વધારો જોવા મળે છે. શાકભાજીમાં ૨૦૦ ટકા, અનાજ-કોળ-ખાદ્યતેલમાં ૨૦ ટકા, ખાંડ-ગોળમાં ભાવવધારો થયેલ છે.

કેન્દ્ર સરકારે ૧લી જાન્યુઆરીથી તેના કર્મચારી-પેન્શનરોને ૩ ટકા મોંઘવારી ભથ્થામાં વધારો જાહેર કરેલ છે જે ગુજરાત સરકારે ચુકવવા માટે મંજુર કરવાનો બાકી છે. ગુજરાત સરકારે નીતિ વિષયક નિર્ણય લીધેલ છે કે કેન્દ્રના ધોરણે ભથ્થા ચુકવવા તે પ્રમાણે મોંઘવારી ભથ્થું ૩ ટકા તાત્કાલિક ચુકવવાની માંગણી કરેલ છે. રાજય સરકાર કર્મચારી-પેન્શનરોને ૩ટકા મોંઘવારી ભથ્થું ચુંટણી પંચની મંજુરી મેળવીને પણ જાહેર કરી શકે છે. ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સે-૭-ડીના પ્રમુખ જયંતભાઈ જી. ભટ્ટે નાણામંત્રી નીતિનભાઈ પટેલ સમક્ષ લેખિતમાં રજુઆત કરેલ છે.

ઈલાબેન જાદવ સંચાલિત રણછોડ-બહુચર મંડળ દ્વારા જરૂરિયાતમંદ ગરીબોને પાણીના માટલાનું દાન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે મંડળની બહેનો આનંદના ગરબાની સાથે સાથે અવારનવાર નિઃસ્વાર્થભાવે સામાજીક રીતે સક્રિય રહી જરૂરિયાતમંદ ગરીબો, દિવ્યાંગો તથા વૃધ્ધાશ્રમોમાં દાન તેમજ જરુરી ચીજવસ્તુ પુરી પાડે છે.

વાવોલ ગામના અમુક વિસ્તારમાં એક સપ્તાહથી ડહોળુ પાણી આવવાની સમસ્યા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર પાસેના વાવોલ ગામમાં છેલ્લા એક સપ્તાહથી કેટલાક વિસ્તારમાં પીવાનું પાણી ડહોળુ આવતા ગ્રામજનો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. ઉનાળાની ગરમીમાં જયાં પીવાના પાણીનો વપરાશ વધુ પ્રમાણમાં થઈ રહ્યો છે ત્યારે જ ડહોળું પાણી આવતા ગ્રામજનોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. ડહોળુ પાણી પીવાથી ગ્રામજનોમાં આરોગ્ય બાબતે પણ ચિંતાત્મક સ્થિતિ જોવા મળે છે.

છેલ્લા કેટલાંક દિવસોથી વાવોલના દરબાર વાસ, દંતાણીવાસ, શેખવાસ, ચરેડી જવા વિસ્તારોમાં પીવાનું પાણી ડહોળુ આવી રહ્યું છે. આ વિસ્તારના ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયતોમાં આ બાબતે મૌખિક રજુઆતો કરવામાં આવી છે પરંતુ આ બાબતે હજુ પણ કોઈ પગલા લેવાયા નથી. અત્યારે ઉનાળાની ઋતુ ચાલી રહી હોવાથી સામન્ય રીતે પીવાના પાણી સહિત પાણીનો વપરાશ વધુ રહે છે ત્યારે ડહોળુ પાણી આવવાને કારણે આ વિસ્તારના ગ્રામજનો તેમના આરોગ્ય બાબતે ચિંતિત બન્યા છે. દરબારવાસના અગ્રણી ગ્રામજને જણાવ્યું હતું કે આ વિસ્તારમાં પાણી સપ્લાય માટે અલગથી બોર બનાવાયો છે. જેમાંથી દરબારવાસ, દંતાણીવાસ, શેખવાસ અને ચરેડી સહિતના વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. આ તમામ વિસ્તારમાં ડહોળુ પાણી આવવાની સમસ્યા સર્જાવા પામી છે. જેનો મતલબ એ છે કે આ બોર થકી પાણી સપ્લાય થતી લાઈનમાં અથવા બોરમાં કોઈ મુશ્કેલી સર્જાઈ હોઈ શકે છે જેના કારણે પાણી ડહોળું આવી રહ્યું છે સત્વરે આ ખામીને શોધી તેનો ઉકેલ કરવામાં આવે તેવી આ વિસ્તારના ગ્રામજનોમાં માંગ ઉઠવા પામી છે.

અક્ષરધામ મંદિરનો એસ.ટી. કન્ટ્રોલ પોઈન્ટ શોભાનો ગાંઠીયો

બહારગામથી દર્શનાર્થે આવતા યાત્રાળુને બસ સમય અંગે ભારે મુંઝવણ ખાનગી વાહનો અજાણ્યા યાત્રાળુઓ પાસેથી મોં માગ્યા ભાડા વસુલે છે

ગાંધીનગર, તા.૬

વિશ્વમાં સુપ્રસિધ્ધ ગાંધીનગર સ્થિત અક્ષરધામ મંદિરે દૈનિક હજારો યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે. એસ.ટી. નિગમ દ્વારા યાત્રાળુઓને બસ સુવિધા સમયસર પ્રાપ્ત થાય તે હેતુસર અહીં કન્ટ્રોલ પોઈન્ટની વ્યવસ્થા કરાઈ છે તેમજ અનેક બસોને વાયા અક્ષરધામ થઈ પસાર થાય તેવું સુચારૂ આયોજન કરેલ છે. પરંતુ એસ.ટી.ના કન્ટ્રોલ પોઈન્ટમાં કોઈ જવાબદાર કર્મચારી હાજર રહેતા ન હોવાથી આ સુવિધા ફકત શોભાનો ગાંઠીયો બની ગઈ છે જે અંગે બહારગામથી આવતા યાત્રાળુઓ ભારે વ્યથા અનુભવી રહ્યા છે અને યાત્રાળુઓ નિરાશા સાથે ખાનગી વાહનોની મુસાફરી માટે મજબુર બને છે.

વેકેશન દરમિયાન તેમજ જાહેર રજાઓના દિવસોએ અહી ભારે ભીડ જોવા મળે છે. જમાં કેટલાક યાત્રાળુઓ એસ.ટી. બસનો ઉપયોગ કરતા હોય છે જેઓને પરત જવા માટે એસ.ટી.ના સમયની જાણકારી મેળવવી હોય છે પરંતુ કન્ટ્રોલ પોઈન્ટમાં બહારથી જ નકુચો મારેલો હોય છે જેથી ભારે મુંઝવણનો અનુભવ કરે છે. તો બીજી તરફ અજાણ્યા યાત્રાળુઓ પાસેથી ખાનગી વાહનચાલકો મોં માગ્યા ભાડા વસુલ કરી લે છે. ગાંધીનગર ડેપો, અમદાવાદ કે અન્ય સ્થળોએ જવા માટે કન્ટ્રોલ પોઈન્ટ ઉપર બસ સમયપત્રક હોય છે પરંતુ અહીં તે વ્યર્થ સાબિત થઈ રહ્યું છે. આ અંગે અહીંના સ્થાનિકોએ જણાવ્યું હતું કે ઘણા સમયથી આ કન્ટ્રોલ પોઈન્ટ ઉપર આખો દિવસ કોઈ જોવા મળતું નથી કોઈકોઈક વાર પાંચથી દસ મિનિટ ખુલ્લો જોવા મળતો આ પોઈન્ટ મુખ્યત્વે બંધ જ હોય છે

જેથી યાત્રાળુઓ અમોને આવીને એસ.ટી.નો સમય પુછે છે. જેથી આ અંગે યોગ્ય કાર્યવાહી થાય તે ઈચ્છનીય છે.

@ગાંધીનગર

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ રજત જયંતિ અન્વયે સાંજે ૭ કલાકે ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે કીર્તિદાન ગઢવી અને અમિતા પટેલના લાઈવ કાર્યક્રમનું આયોજન.
- પરેશભાઈ દ્વારા બ્લોક નં. ૧૩, પાંચમો માળ સે-૨૯ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.
- બહુચર મંડળ દ્વારા ઉર્જાનગર વિભાગ-૧ કુડાસણ ખાતે બપોરે ૩થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

ચિરવિદાય

- સ્વ. વાઘેલા લીલાબેન નટવરસિંહ, ઉ.વ. ૬૦
- સ્વ. પટેલ સરોજબેન રતિલાલ, ઉ.વ. ૬૪